## (1) ગ્લોબલ ફોરેસ્ટ રિસોર્સ એસેસમેન્ટ, 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ FAO દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટ દર 10 વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(3) રિપોર્ટ મુજબ વિશ્વના 31% જમીન ભાગ પર જંગલો આવેલા છે.

(4) છેલ્લા દશકમાં જંગલ ભાગમાં વધારો કરનાર દેશની યાદીમાં ચીન પ્રથમ ક્રમે છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં FAO (ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન) દ્વારા 'ગ્લોબલ ફોરેસ્ટ રિસોર્સ એસેસમેન્ટ, 2020' નામનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 1990થી આ રિપોર્ટ દર 5 વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ વિશ્વના 4.06 બિલિયન હેક્ટર વિસ્તારમાં જંગલ વિસ્તારો છે જે કુલ જમીન ભાગના 31% વિસ્તાર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 2010થી 2020ના દશકમાં એશિયામાં જંગલ વિસ્તારમાં સૌથી વધુ વધારો થયો છે. જ્યારે આફ્રિકામાં જંગલ ઘટાડાનો વાર્ષિક દર સૌથી વધુ હતો.

⇛ છેલ્લા દશકમાં જંગલ ભાગમાં વધારો કરનારા દેશ : (1) ચીન, (2) ઓસ્ટ્રેલિયા, (3) ભારત, (4) ચિલી, (5) વિયેતનામ. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) બાળ ગંગાધર તિલક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેમણે ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરેલી હતી.

(2) તેઓએ 'ઈન્ડિયન અનરેસ્ટ' નામનું પુસ્તક લખેલું હતું.

(3) તેઓએ સ્થાપેલી હોમરૂલ લીગ સેન્ટ્રલ પ્રોવીન્સ, કર્ણાટક અને બેરારને બાદ કરતાં લગભગ સમગ્ર ભારતમાં સક્રિય હતી.

(4) તેઓ કેસરી અને મરાઠા વર્તમાનપત્રો સાથે સંકળાયેલા હતાં.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 23 જુલાઈએ ભારતે લોકમાન્ય તિલકની જન્મજયંતી ઊજવી હતી.

⇛ તેઓએ 1884માં તેના સાથીદારો સાથે મળીને ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ એક અંગ્રેજ જર્નાલીસ્ટ દ્વારા 'ઈન્ડિયન અનરેસ્ટ' નામનું પુસ્તક લખવામાં આવ્યું હતું જેમાં તિલકને 'ફાધર ઓફ ઈન્ડિયન અનરેસ્ટ' કહેવામાં આવ્યા હતાં. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તેમણે 1916માં બેલગામમાં ઓલ ઈન્ડિયા હોમરૂલ લીગની સ્થાપના કરી હતી. તેમની લીગ બોમ્બે સિવાયના મહારાષ્ટ્ર, સેન્ટ્રલ પ્રોવીન્સ, કર્ણાટક અને બેરારમાં કાર્યરત હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેમણે 1908થી 1914 એમ 6 વર્ષ જેલમાં વીતાવ્યા હતા.

⇛ તેઓએ મરાઠી ભાષાના વર્તમાનપત્ર કેસરી તથા અંગ્રેજી ભાષાના મરાઠા વર્તમાનપત્રમાં પોતાનું યોગદાન આપેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ચંદ્રશેખર આઝાદ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમણે 15 વર્ષની વયે અસહકાર આંદોલનમાં ભાગ લીધેલો હતો.

(2) તેઓએ 1922માં હિન્દુસ્તાન રિપબ્લીક એસોસીએશન (HRA)ની સ્થાપના કરી હતી.

(3) તેઓ કાકોરી લૂંટ સાથે સંકળાયેલા હતાં.

(4) તેમનો જન્મ તથા મૃત્યુ બન્ને ઉત્તરપ્રદેશમાં થયા હતાં.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ચંદ્રશેખર આઝાદનો જન્મ 23 જુલાઈ, 1906ના રોજ મધ્યપ્રદેશના અલિરાજપુર જિલ્લામાં થયો હતો. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તેમણે 15 વર્ષની વયે 1921ના અસહકાર આંદોલનમાં ભાગ લીધો હતો. પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ 1922માં અસહકાર આંદોલન પાછું ખેંચાતા તેઓ HRAમાં જોડાયા હતાં. HRAની સ્થાપના સચિન્દ્રનાથ સાન્યાલ, નરેન્દ્ર મોહન સેન તથા પ્રતુલ ગાંગુલી દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ 1925માં થયેલી કાકોરી લૂંટની સમગ્ર યોજનામાં ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મીલ અસ્ફાકુલ્લાં ખાન, રાજેન્દ્ર લહીરી અને એમ. ગુપ્તા સમાવિષ્ટ હતા. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેમનું મૃત્યુ 27 ફેબ્રુઆરી, 1931માં અલાહાબાદમાં થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) SWAMIH ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ સ્પેશિયલ વિન્ડો ફોર એફોર્ડેબલ એન્ડ મિડ ઈનકમ હાઉસીંગ છે.
(2) અટકી ગયેલા હાઉસીંગ પ્રોજેક્ટ માટે તે ફાયનાન્સીંગ કરે છે.
(3) આ ફંડ માટે સરકાર સ્પોન્સર નહી હોય પરતું તે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીને સ્પોન્સર તરીકે પસંદ કરવામાં મદદ કરશે.
(4) આ ફંડ નેશનલ હાઉસીંગ બોર્ડ (NHB) હેઠળ નોંધાયેલું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ SWAMIH ફંડનું પૂરુંનામ સ્પેશિયલ વિન્ડો ફોર એફોર્ડેબલ એન્ડ મિડ ઈનકમ હાઉસીંગ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ એફોર્ડેબલ તથા મિડ ઈનકમ હાઉસીંગ ક્ષેત્રમાં અટકી ગયેલા હાઉસીંગ પ્રોજેક્ટ માટે તે ફાયનાન્સીંગ કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ફંડમાં સરકાર સ્પોન્સર તરીકે વર્તે છે અને 10,000 કરોડ રૂપિયાની પ્રતિબદ્ધતા આ ફંડ માટે સરકારે દર્શાવી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ફંડ SEBIમાં એક અલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ તરીકે નોંધાયેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તાજેતરમાં અટકી ગયેલા 81 હાઉસીંગ પ્રોજેક્ટને SWAMIH હેઠળ મંજૂરી આપવામાં આવેલી છે જેના દ્વારા આશરે 60,000 ઘરોનું બાંધકામ પૂર્ણ થઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE iceraajkot

## (5) સાઉથર્ન આફ્રિકન કસ્ટમ્સ યુનિયન (SACU)માં નીચેનામાંથી કયા-કયા દેશનો સમાવેશ થાય છે ?

(1) બોત્સ્વાના
(2) લેસોથો
(3) નામીબીયા
(4) કોંગો
(5) મલાવી
(6) સાઉથ આફ્રિકા

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1), (3) અને (5)
(C) માત્ર (1), (3), (4) અને (6)
(D) માત્ર (1), (2), (3) અને (6)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારતે તથા SACUએ પોતાની PTA (Preferential Trade Agreement) વિશેની ચર્ચાઓ ફરી શરૂ કરી છે.

⇛ વર્ષ 2019-20માં ભારત–આફ્રિકાનો વેપાર 66.7 બિલિયન ડોલર હતો. આ પૈકી ભારત–SACUનો વેપાર 10.9 બિલિયન ડોલર હતો.

⇛ SACU એક કસ્ટમ યુનિયન છે જેમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે.

- બોત્સ્વાના
- લેસોથા
- નામીબીયા
- સાઉથ આફ્રિકા
- એસ્વાતિની

(આથી, 1, 2, 3 અને 6 ક્રમાંકના દેશોનો સમાવેશ SACUમાં થાય છે.)

⇛ કસ્ટમ યુનિયન એક કરાર છે જેમાં બે કે તેથી વધુ પડોશી દેશો તેમના વેપારને લગતા અવરોધો દૂર કરે છે, કસ્ટમ ડ્યુટીને ઘટાડે છે અથવા શૂન્ય કરે છે.

⇛ SACUએ વિશ્વનું સૌથી જૂનું કસ્ટમ યુનિયન છે. તેની સ્થાપના 1910માં થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT